ગાંધીનગર સમાચાર


Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં અધધ... દર મહિને ૧૧ કરોડના મોબાઈલ વેચાય છે..

## સેમસંગ અને નોકીયા જેવી બ્રાન્ડના મોબાઈલ સૌથી વધુ વેચાય છે : સ્માર્ટ ફોનના કારણે વેચાણ વધ્યું

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં એક રસપ્રદ સર્વેની વિગતો સાંભળી તેમાં એવી વાત બહાર આવી હતી કે વ્યકિત ભોજન વગર ૨૭ થી ૨૮ દિવસ રહી શકે છે. પરંતુ મોબાઈલ ફોન વિના તેને ૧૧ મિનીટથી વધુ ચાલતું નથી... એનો એ મતલબ થયો કે આજકાલ બીડી, સીગારેટ, દારુ તેવો વ્યકિત હવે પછાત ગણાય છે. ખાસ કરીને યુવા વર્ગમાં સ્માર્ટ ફોનનું ચલણ દિનપ્રતિદિન ખુબ વધી રહ્યું છે. વાતચીત કરવા ઉપરાંત ફેસબુક અને વોટ્સએપનો ઉપયોગ થઈ શકે તે માટે સ્માર્ટફોનનું ચલણ વધી રહ્યું છે. ગાંધીનગરમાં માત્ર ત્રણ લાખની વસ્તી છે. પરંતુ મોબાઈલ ફોનનો ઉપાડ ખુબ છે તે આંકડાઓના આધારે કહી શકાય. નોકીયાનો દબદબો હજુ પણ મોબાઈલ વર્લ્ડમાં યથાવત છે. ગાંધીનગરમાં દર મહિન નોકિયાના ચારેક કરોડના હેન્ડ સેટ વેચાય છે. બીજા ક્રમે સેમસંગ છે તેના ત્રણેક કરોડના ફોન વેચાય છે. બાકીના ત્રણથી ચાર કરોડના હેન્ડસેટ વેચાણમાં એલજી, સોની, માઈક્રોમેકસ, સ્પાઈસ અને ચાઈનીઝ ફોનનો હિસ્સો છે. આમ સરેરાશ જોવા જઈએ તો માત્ર ગાંધીનગરમાં જ દરરોજ ૪૦ લાખના મોબાઈલ ફોનનું વેચાણ થાય છે. વર્ષે લગભગ દોઢસો કરોડના હેન્ડસેટની ખપત ગાંધીનગરમાં રહે છે. આ આંકડાઓ માત્ર હેન્ડસેટ વેચાણના જ છે. રીચાર્જ પણ એટલું જ થાય છે. મોબાઈલ એસેસરીઝની પણ એક આખી ઈન્ડસ્ટ્રી છે. એસેસરીઝનો ઉપયોગ પણ ગાંધીનગરમાં ખુબ થાય છે.







કરતા પણ વધુ ઝડપે આપણે સૌ મોબાઈલ એડીકટ (વ્યસની) બની રહ્યા છે. તેનો વધુ એક પુરાવો એ છે કે નાનકડા ગાંધીનગરમાં જ દર મહિને અધધ કહી શકાય તેવા ૧૦ થી ૧૧ કરોડના મોબાઈલ વેચાય છે. આ તો માત્ર ઈન્સ્ટ્રુમેન્ટની જ વાત છે. રીચાર્જીંગ અને એસેસરીઝ તો અલગ...!

ગાંધીનગરની ઓળખ ભલે કર્મચારી નગર તરીકેની હોય પરંતુ અહીં લકઝરી ગણાય તેવી વસ્તુઓનું વેચાણ મેટ્રો સિટીની જેમ જ થાય છે. મોબાઈલ ફોનની ખરીદીમાં પણ ગાંધીનગરાઓ કોઈનાથી પાછળ નથી. શહેરમાં મોબાઈલ ફોનના વેચાણના આંકડા જોઈ આંખો આશ્ચર્યથી પહોળી થઈ જાય છે. વળી જયારથી સ્માર્ટ ફોનનું ચલણ વધ્યું છે. ત્યારથી તો દરેક વ્યકિતને હવે સ્માર્ટ ફોન જોઈએ છે. સ્માર્ટ ફોનના કારણે ઈન્ટરનેટની વિશાળ દુનિયા માત્ર એક સ્પર્શથી તમારી આંખો સામે આવી જાયછે. સ્માર્ટ ફોનનો ઉપયોગ ન કરતો હોય

# ગુડા વિસ્તારમાં માર્ગોનું નામાભિધાન કરાશે

ગાંધીનગર, તા.૮

ગુડા વિસ્તારમાં નવ નિર્મિત માર્ગોને નવી ઓળખ આપવામાં આવશે. શહેરી વિકાસ સત્તા મંડળની આજે મળેલી ૪૬મી બોર્ડ બેઠક દરમિયાન કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા હતા. બેઠકમાં પાણી-ગટરના માળખાગત સુવિધાના કામો ઉપરાંત વિવિધ વિકાસકામોના ખર્ચને પણ સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. જયારે ટી.પી. વિસ્તારમાં નવા બનાવાયેલા રસ્તાઓનું નામાભિધાન કરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

ગુડા વિસ્તારમાં ગ્રીનસીટી અને કલીનસીટના કન્સેપ્ટ સાથે વિકાસના નવતર કામોને અંજામ આપવા આજે મળેલી બોર્ડ બેઠકમાં જરુરી કામોને મંજુરી આપવામાં આવી હતી. શહેરી વિસ્તારમાં સ્થિત નગરના જુદા જુદા માર્ગોનું પણ અગાઉ સરકાર દ્વારા નામાભિધાન કરવામાં આવ્યુંહતું. જેના પરીણામે અગાઉ કક્કા-બારખડીના મુળાક્ષરો મુજબ ઓળખાતા રસ્તાઓ હવે મહાનુભાવોના નામે ઓળખાય છે. શહેરના માર્ગોની નવી ઓળખ પ્રસ્થાપિત કરવા તંત્ર દ્વારા લાખોના ખર્ચે બોર્ડસ પણ લગાવી દેવાયા છે. જયારે ગુડા વિસ્તારમાં તૈયાર કરાયેલા રસ્તાઓને પણ નવી ઓળખ આપવાનો નિર્ણય લેવાયો છે. આગામી ટૂંક સમયમાં ગુડા વિસ્તારમાં સ્થિત માર્ગોનું આયોજનબદ્ધ રીતે નામાભિકરણ કરવામાં આવશે. જેના પરીણામે માર્ગોની આસપાસના વિકસિત વિસ્તારોને પણ નવી ઓળખ મળશે.

## લાયબ્રેરી અને વુમન હોસ્ટેલ માટે ૧૦.૨૨ કરોડનો ખર્ચ થશે

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારના ટીપી નં.૬માં રૂ. ૧૦.૨૨ કરોડના ખર્ચે આધુનિક લાયબ્રેરી તેમજ વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ બંને કામોને આજે ગુડાની બોર્ડ બેઠકમાં સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. ગુડા વિસ્તારમાં વિકાસના અનેકવિધ પ્રોજેકટની સાથે વિદ્યાર્થીઓને વાંચન સુવિધા ઉપલબ્ધ થાય તે માટે અદ્યતન લાઈબ્રેરી નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત રોજગારી માટે આવતી મહિલાઓને પણ રહેવાની સુવિધા પુરી પાડવા વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવવામાં આવશે. જેના પરિણામે આગામી દિવસોમાં ગુડા વિસ્તારમાં વિદ્યાર્થીઓ અને નોકરીયાત મહિલાઓને પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ થશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા મેલેરિયા અધિકારી સુશ્રી મમતાબેન દત્તાણીએ મેલેરીયાની સારવાર અંગે તૈયાર કરેલ રિસર્ચ પેપર આજે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિધ્ધ થયું છે.
- આજે સિવીલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ અમદાવાદ જતાં રસ્તામાં ડિઝલ ખુટી પડતાં અટકી પડી હતી.
- એરપોર્ટ સ્કુલ-અમદાવાદ દ્વારા ૧૦મીએ 'મા તુજે સલામ' નામના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ટાઉનહોલ ખાતે કરાયું છે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણને લઈ શહેર ભાજપ દ્વારા સેકટરે સેકટરે સહિ ઝુંબેશ ચાલી રહી છે.
- જાણીતી નૃત્યાંગના મલ્લિકા સારાભાઈ આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે.
- ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગર કોર્પોરેશનની બંને ટીમો સૂરત રમવા માટે જશે.
- સે-૧૪માં યોજાયેલ મેડીકલ કેમ્પમાં સૌથી વધુ દર્દી શરદી-ઉધરસના નોંધાયા. આ કેમ્પમાં ૧૮૬ દર્દીઓએ સારવાર લીધી હતી.

# જિલ્લામાં એક વર્ષમાં ૭૧નાં અપહરણ અને ૨૨ બળાત્કારના કેસ નોંધાયા

## ૨૦૧૨ની સરખામણીમાં અપહરણના બમણાથી પણ વધુ કિસ્સા

## સરકારી નોકરો પર હૂમલાના કિસ્સાઓ પણ બે ગણા વધી ગયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં અપહરણ-બળાત્કારના કિસ્સાઓમાં ચિંતાજનક નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. વર્ષ ૨૦૧૨ની સરખામણીએ ૨૦૧૩માં અપહરણના કિસ્સા બમણાથી પણ વધુ બન્યા છે. ૭૧ વ્યક્તિઓના અપહરણ તથા ૨૨ યુવતીઓ પર બળાત્કારના કિસ્સા ૨૦૧૩માં બન્યા હોવાનું પોલીસ ચોપડે નોંધાવા પામ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં બે વર્ષમાં ૭૦ રાયોટીંગ

વર્ષ-૨૦૧૨માં જિલ્લામાં રાયોટીંગના ૪૨ બનાવો બન્યા હતા. જ્યારે વર્ષ-૨૦૧૩માં ૨૮ રાયોટીંગ થવા પામ્યા હતા. બે વર્ષમાં રાયોટીંગના ૭૦ બનાવો બન્યા છે. તે ઉપરાંત બે વર્ષમાં વિશ્વાસઘાતના ૩૪ ગુનાઓ નોંધાવા પામ્યા છે. જેમાં વર્ષ-૨૦૧૨માં ૨૪ અને ૨૦૧૩માં ૧૦ ગુના વિશ્વાસઘાતના નોંધાયા છે.

# પાણી-ગટર વેરાના બિલ વિતરણ માટે એજન્સીને કામ સોંપાયું

## જૂના માંગણા પેટે ૧૦ લાખ વસૂલાયા : ૩૦ હજાર ગ્રાહકો પાસેથી ૩ કરોડનો વેરો વસુલવા તૈયારી

ગાંધીનગર, તા.૮

વર્ષ ૨૦૧૪-૧૫નો એડવાન્સ પાણી-ગટર વેરો વસુલવા તંત્રએ બાકીદારોની યાદી તૈયાર કરી દીધી છે. અંદાજિત ૩૦ હજાર જોડાણકર્તાઓ પાસેથી રૂ. ૩ કરોડનો વેરો વસુલવા આગામી ફેબ્રુઆરી મહીનામાં બીલની વહેંચણી કરી દેવાશે. આ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી એજન્સીને કામ સોંપી દેવાયું છે. અગાઉ તંત્ર દ્વારા હાથ ધરાયેલી કડક ઝૂંબેશના અંતે જૂના બાકી માંગણા પેટે રૂ. ૧૦ લાખની નોંધપાત્ર વસુલાત કરવામાં આવી છે.

શહેરના જૂના અને નવા સેકટરો ઉપરાંત શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો સહીત પાણી-ગટરના ૩૦ હજાર જેટલા જોડાણકર્તાઓ છે. તંત્ર દ્વારા પાણી ગટરના જોડાણકર્તાઓ પાસેથી પ્રતિ વર્ષ વેરો ઉઘરાવવા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. આમ છતાં તંત્રના ચોપડે પેટા વસુલાત ક્ષેત્રે બાકી માંગણાનો આંકડો પણ મોટો હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે આ વર્ષે બાકીદારો પાસે પાવડા ત્રિકમ સાથે પહોંચેલી ટીમે જોડાણ કાપી નાંખવા સુધીના કડક પગલાં લેવાની તૈયારી દર્શાવતા થોડા સમય અગાઉ હાથ ધરાયેલી ઝૂંબેશના અંતે રૂ. ૧૦ લાખની રીકવરી કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના જૂના અને નવા સેકટરોમાં થઈને ૩૦ હજાર જેટલા પાણી ગટરના વેરા બાકીદારો પાસેથી વસુલાત કરવા એજન્સીને બીલ વહેંચણીનું કામ સોંપી દેવાયું છે.

● અનુસંધાન પાન-૭ પર


## ગુજરાત માહિતી આયોગ

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો ભવન**
**પહેલો માળ, સેક્ટર-૧૮, ગાંધીનગર**

ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરીમાં કાયદા અધિકારીની એક જગ્યા ૧૧ માસના કરારથી ભરવાની છે. આ માટે નીચે દર્શાવેલ લાયકાત પરિપૂર્ણ કરતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) કાયદા અધિકારીની વય ૩૦ વર્ષથી ઓછી અને ૫૫-૬૦ વર્ષથી વધુ હોવી જોઈશે નહીં.
(૨) ભારતની સંસદ અથવા રાજ્યની વિધાનસભાના અધિનિયમમાં સમાવિષ્ટ વિશ્વ વિદ્યાલયની અથવા સંસદના અધિનિયમ દ્વારા સ્થપાયેલ અન્ય શૈક્ષણિક સંસ્થાની અથવા ૧૯૫૬ના યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમના સેકશન-૩ હેઠળની યુનિવર્સિટીની કાયદાની ઉપાધિ મેળવેલી હોવી જોઈશે અથવા સરકાર દ્વારા માન્ય આવી સમાન્તર ઉપાધિ મેળવેલી હોવી જોઈશે.
(૩) ગુજરાત ભાષાનું પુરતુ જ્ઞાન અને સંપૂર્ણ પરિચય હોવો જોઈશે. અને ગુજરાતીમાં લખવા વાંચવાની ક્ષમતા હોવી જોઈશે.
(૪) કોમ્પ્યુટર એપ્લીકેશનનું (CCC+ સમકક્ષ) જ્ઞાન હોવું જરૂરી છે.
(૫) હિન્દી અને અંગ્રેજી ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જરૂરી છે.
(૬) કાયદાકીય કામગીરીનો લઘુત્તમ પાંચ વર્ષનો અનુભવ આવશ્યક છે.
(૭) ઉપર દર્શાવેલ લાયકાત પરિપૂર્ણ થતી હોય અને સરકારી / અર્ધસરકારી કચેરીઓમાં સેવાનો અનુભવ ધરાવતા હોય તો તે વિશેષ લાયકાત ગણવામાં આવશે.

પસંદગી પામનાર વ્યક્તિ, સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ બોલીઓ અને શરતોને આધિન રૂ. ૨૦,૦૦૦/- સુધીનું ફીક્સ્ડ વેતન મેળવવાપાત્ર થશે.

ઉમેદવારોએ તેમના નામ અને સરનામા, અનુભવ દર્શાવતા, પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સંપૂર્ણ બાયોડેટા સહિતની અરજી તા. ૩૧/૧/૨૦૧૪ સુધીમાં ઉપર દર્શાવેલ સરનામાએ બંધ કવરમાં તેના ઉપર 'કાયદા અધિકારીની જગ્યા માટેની અરજી' તેમ દર્શાવીને મોકલી આપવાની રહેશે.

અરજી કરનાર ઉમેદવાર સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ બોલીઓ અને શરતોની નકલ તથા કાર્યો અને ફરજોની વિગતો ગુજરાત માહિતી આયોગની કચેરીમાંથી રૂબરૂમાં અથવા આયોગની વેબસાઈટ www.gic.guj.nic.in પરથી મેળવી શકાશે.

માહિતી/૨૧૨૬/૧૩-૧૪




ટ્રાફીક ઝુંબેશ - ગાંધીનગરમાં આજકાલ વાહન ચેકીંગ જોરશોરથી ચાલે છે... અકસ્માતો નાથવા તથા અકસામાજિક અને તોફાની તત્વોને પકડવાના અભિયાન અન્વયે અજાણ્યા વાહનોની ચકાસણી થાય છે... નગરના ચારેય પ્રવેશદ્વારો પર પોલીસની ટુકડીઓ સવારથી સાંજ સુધી વાહન ચેકીંગમાં ગળાડૂબ રહે છે...


# સે-૧ તળાવની ફૂડકોર્ટની ફાળવણી માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી

## ફૂડકોર્ટના સ્ટોલ્સ ફાળવવા માટે ટૂંકમાં નીતિ નક્કી થશે

ગાંધીનગર, તા.૮

સે-૧માં નવ નિર્મિત તળાવને અનુલક્ષી ફૂડકોર્ટ તૈયાર કરી દેવાઈ છે. જયારે લાખોના ખર્ચે બનાવાયેલી આ ફૂટકોર્ડના સ્ટોલ્સ ફાળવવા હરાજીની પ્રક્રીયા હાથ ધરવા માટે તંત્રએ વિભાગને દરખાસ્ત કરી દીધી છે.

સે-૧માં તળાવને પીકનીક સ્પોર્ટ બનાવવાની કાર્યયોજના હજુ પૂર્ણ રૂપે સાકાર થઈ નથી. તળાવ નિર્માણની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં બે વખત તળાવ વિકસાવવાની યોજનાનું કામ લાંબા સમય સુધી બંધ રહ્યા બાદ સાત વર્ષના લાંબા સમયગાળા બાદ તળાવને પીકનીક સ્પોટ તરીકે વિકસાવવાનું કામ આખરી તબક્કામાં છે. મોટા ભાગની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જયારે તંત્ર દ્વારા થોડા સમય અગાઉ નિર્માણ કરાયેલી ફૂડકોર્ટના સ્ટોલ્સ ફાળવવા માટે પણ હવે ટૂંકમાં ગતિવિધિઓ હાથ ધરાશે. તળાવને અનુલક્ષી આસપાસના વિસ્તારમાં ઉદ્યાન અને લેન્ડ સ્કેપીંગનું કામ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સહેલાણીઓને ખાણી-પીણીની વ્યવસ્થા પૂરી પાડવા નવીન ફૂડકોર્ટ પણ બનાવી દેવાઈ છે. ફૂડકોર્ટ બનાવવા માટે અંદાજિત રૂ. ૨૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ ૫ સ્ટોલ્સ બનાવાયા છે. જયારે ફૂડકોર્ટ તૈયાર કરાયા બાદ ત્રણથી ચાર મહીનાના સમય બાદ પણ ફૂડકોર્ટની દુકાનો ફાળવવા કોઈ નીતિ નક્કી થઈ નથી. જો કે પાટનગર યોજના વિભાગ દ્વારા આખરે ફૂડકોર્ટના સ્ટોલ્સ ફાળવવા માટેની પ્રક્રીયા હાથ ધરવા વિભાગને દરખાસ્ત કરી દેવાઈ છે.જેના પરિણામે હવે ફૂડકોર્ટના મામલે ટૂંકમાં નિર્ણય લેવાશે. ફૂડકોર્ટના સ્ટોલ્સ ડ્રોની પ્રક્રિયાના આધારે ફાળવવામાં આવશે તેમ પણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.



# વાહનવ્યવહાર કમિશ્નરે આર.ટી.ઓ. કચેરીની ઓચિંતા મુલાકાત લીધી

## ટેક્ષ સહિતની તમામ કામગીરી ઓનલાઈન કરવા વિચારણા

ગાંધીનગર, તા. ૮

'ગ' માર્ગ પર સ્થિત રાજ્યની મોડેલ આર.ટી.ઓ. કચેરીની આજે વાહન વ્યવહાર કમિશ્નરે મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં ટેક્ષ અને લાયસન્સ પ્રવેશની કામગીરી ઓનલાઈન કરવા જરૂરી બાબતો અંગે પરામર્શ કરી હતી. આવનારા દિવસોમાં કચેરીની તમામ કામગીરી ઓનલાઈન કરવામાં આવશે.

રાજયની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરીની આજે વાહન વ્યવહાર વિભાગના કમિશ્નર જ્યોતિ ગુપ્તાએ મુલાકાત લીધી હતી. આવનારા દિવસોમાં આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તેમજ મેનપાવરની અનિવાર્યતા ઘટે તેવા આશયથી ટેક્ષ તેમજ લાઈસન્સ સહીતની અન્ય કામગીરી પણ ઓનલાઈન કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. રાજ્યની મોડેલ આર.ટી.ઓ. કચેરી હોવાના નાતે કોઈપણ અદ્યતન સિસ્ટમ પ્રથમ ગાંધીનગર સ્થિત કચેરીમાં અમલી બનાવાય છે. જેને અનુલક્ષી આર.ટી.ઓ. કચેરીની સઘળી કામગીરી ઓનલાઈન કરવાની દીશામાં વિભાગે વિચારણા હાથ ધરી

● અનુસંધાન પાન-૭ પર


## ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરીના વાર્ષિક અહેવાલ પ્રીન્ટ કરવાના થતા હોવાથી અનુભવી પ્રીન્ટીંગ એજન્સી પાસેથી તેમના લેટરપેડ પર નીચેની વિગતે ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | કુલ નકલ | ભાવ પ્રતિ નકલ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ● ટાઈટલ પેજ ૨૩૦ જી.એસ.એમ. ફોર કલર પ્રીન્ટીંગ વીથ લેમીનેશન<br>● ૧/૪ ક્લે સાઈઝ ૧૮ પેજ ૩૬ સાઈડ<br>● ઈનર પેજીસ ૧૮.૧ મેપલીથો વ્હાઈટ પેપર બ્લોક કલર પ્રીન્ટીંગ.<br>● સેન્ટર પીન બાઈન્ડીંગ | અંગ્રેજી ૧૦૦ નકલ. | | |
| ૨ | ● ટાઈટલ પેજ ૨૩૦ જી.એસ.એમ. ફોર કલર પ્રીન્ટીંગ વીથ લેમીનેશન<br>● ૧/૪ ક્લે સાઈઝ ૨૧ પેજ ૪૨ સાઈડ<br>● ઈનર પેજીસ ૧૮.૧ મેપલીથો વ્હાઈટ પેપર બ્લોક કલર પ્રીન્ટીંગ.<br>● સેન્ટર પીન બાઈન્ડીંગ | ગુજરાતી ૩૫૦ નકલ. | | |
| | | કુલ સરવાળો | | |

ઉપરોક્ત દર્શાવેલ વિગત મુજબના ભાવો અત્રેની કચેરીને તા. ૧૬/૧/૨૦૧૪ સુધીમાં રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. ભાવપત્રકના કવર પર 'પ્રીન્ટીંગ માટેના ભાવ' એમ અવશ્ય દર્શાવવાનું રહેશે. ભાવો બધા જ પ્રકારના ટેક્ષ સાથે દર્શાવવાના રહેશે. દર્શાવેલ ન્યુનતમ કુલ સરવાળાની રકમવાળા ભાવો ગ્રાહ્ય રાખવામાં આવશે.

પસંદગી પામેલ એજન્સીએ ઉપરોક્ત દર્શાવેલ બુકલેટની નકલો ઓર્ડર મળ્યેથી દિન-૪માં તૈયાર કરી આપવાના રહેશે.

કોઈ એક અથવા બધા ભાવપત્રક રદ કરવા કે સ્વિકારવા તે અંગે નિગમને અબાધિત અધિકાર છે.

જનરલ મેનેજર (પ્રોજેક્ટસ)
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.**
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર

માહિતી/૨૧૨૧/૧૩-૧૪



લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
**દિવાની ટાઈલ્સ**
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com